# કેપીટલ સ્ટેશન પાછળના વિસ્તારનો નઝારો બદલાશે

## મહાત્મા મંદિરને અનુલક્ષી વિચારણા હાથ ધરાઈ ગાંધી ગાર્ડનનું કામ મે મહિનામાં પૂર્ણ થશે

ગાંધીનગર, તા. ૧૪

મહાત્મા મંદિરના નિર્માણને અનુલક્ષી સેક્ટર-૧૪ રેલવેસ્ટેશન પાછળના વિસ્તારને પણ યોગ્ય રીતે સુવિકસિત કરવા અભ્યાસ હાથ ધરાયો છે. જો કે આ મામલે હજુ કોઈ ડીઝાઈન આખરી થઈ નથી પરંતુ આગામી દિવસોમાં ઉચ્ચ કક્ષાએથી આ નિર્ણય લેવાશે. જ્યારે ગાંધી ગાર્ડનનાં નિર્માણનું કામ પણ આગામી મે મહિના સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે.



શહેરના મધ્ય વિસ્તારમાં આકાર લેતી સ્વર્ણિમ પાર્કની મહત્વકાક્ષી યોજાનાને અનુલક્ષી ગ-૪ થી ચ-૪ વચ્ચેના બેલ્ટમાં પ્રથમ તબક્કાની કામગીરી દરમ્યાન ફૂટપાટ રસ્તા અને વોક-વે સહિતનું કામ પૂર્ણ કરાયું છે. ગ-૪ થી ઘ-૪ સુધીના વિસ્તારમાં આ કામ પૂર્ણ કરાયા બાદ બીજા તબક્કામાં લેન્ડસ્કેપિંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.જેમાં વોટરબોડી, ફૂડકોર્ટ સહિત નયનરમ્ય ઉદ્યાન બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. બીજી તરફ નવનિર્મિત મહાત્માં મંદિરને અનુલક્ષી સોલર માઉન્ટ પાર્ક બનાવવાની કામગીરી પણ તેજ ગતીએ હાથ ધરાઈ છે. હાલના તબક્કે આ સમગ્ર પ્રોજેક્ટને ધ્યાને લઈ ફેસ-ટુની કામગીરી અન્વયે ગાંધી ગાર્ડન નિર્માણ કરવાનું કામ પણ શરૂ કરી દેવાયું છે. આગામી મે મહિના સુધીમાં આ નયનરમ્ય ઉદ્યાન નિખાર પામશે. જ્યારે હાલ ખ-માર્ગ પર કર્વેચર આપવાનું કામ પણ હાથ ધરાયું છે. વધુમાં સમગ્ર વિસ્તારની બાઉન્ડ્રી વોલ પણ તૈયાર કરી દેવાઈ છે. આ ઉપરાંત એમ.પી. થિયેટર તેમજ યુટીલીટી, બિલટીગ બનાવવાની ગતિવિધિ હાથ ધરાઈ છે. વાઈબ્રન્ટ સમિટ પૂર્વે આ કામગીરીનો અમુક હિસ્સો પૂર્ણ કરવાની દિશામાં તંત્રએ કામગીરી હાથ ધરી છે. જ્યારે સ્લોપિંગ ગાર્ડનનું કામ વાઈબ્રન્ટ સમિટ પછીના તબક્કામાં હાથ ધરાય તેવી સંભાવના છે. આ ઉપરાંત કેપીટલ સ્ટેશન આસપાસના વિસ્તારને પણ સુઆયોજીત રીતે વિકસાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે. જો કે આ મામલે હજુ કોઈ ડિઝાઈન આખરી થઈ નથી. ટુંક સમયમાં જ ફેસ-૨બી અન્વયે કામ શરૂ કરી દેવાશે.

## સમસ્ત મોચી સમાજનો ૧૭મી ફેબ્રુઆરીએ જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા. ૧૪

સમસ્ત મોચી સમાજના લગ્નોત્સુક જીવનસાથી મેળો, અનિવાર્ય સંજોગોને કારણે ફેરફાર કરીને તા. ૧૭મી ફેબ્રુઆરીએ ટાઉનહૉલ ગાંધીનગર મુકામે રાખેલ છે. જીવનસાથી પસંદગી મેળાનાં ફોર્મ તા. ૨૧મી જાન્યુઆરી સુધી ભરીને શ્રી કનુભાઈ સોલંકી, પ્લોટ નંબર ૯૭૮/૧, સેક્ટર-૨સી, મોકલવા જણાવેલ છે.

## વૈજનાથ મહાદેવ મંદિરે ૧૮મીએ અશ્વિનકુમાર પાઠકજીનો સુંદરકાંડ

ગાંધીનગર, તા. ૧૪

શ્રી વેજનાથ મહાદેવ મંદિર દેવસંસ્થાનના સહયોગથી પરમપૂજ્ય ગુરૂજી શ્રી અશ્વિનકુમાર પાઠકજીના સ્વકંઠેથી સંગીતમય સુંદરકાંડ પાઠનું તા. ૧૮મી ડિસેમ્બરના રાત્રે કરવામાં આવેલ છે. શ્રી વૈજનાથ મહાદેવ મંદિરનાં ૫૧ ફૂટ હનુમાનજીની પ્રતિમાના પ્રાંગણમાં રાખેલ છે. ગાંધીનગરના ભક્તો માટે વિટકોસ બસની સગવડ છે, પરત આવવાની પણ વ્યવસ્થા કરેલ છે.

## રાંધેજા હાઇસ્કૂલમાં એઇડ્સ વિષેની વકૃતત્વ સ્પર્ધા યોજાઇ

ગાંધીનગર, તા. ૧૪

શ્રી જે. એસ. પટેલ વિદ્યામંદિર રાંધેજામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રૂપાલ અને રાંધેજાના સહયોગથી 'એઇડ્સ' અંગેની વકૃતત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે આશા ઘનશ્યામભાઈ શર્મા, દ્વિતીય ક્રમે નિધિ. આર. સુથાર, તૃતીય ક્રમે મયુરી એ. સોલંકી આવ્યાં હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ભીખાભાઇ પટેલ તથા શ્રી અનિલભાઈ બી. નાયક, મુકેશભાઇ શર્માએ કરેલ હતું. નિર્ણાયક તરીકે રાજેન્દ્રકુમાર પટેલ, પ્રકાશકુમાર પ્રજાપતિ અને અંજલિ પટેલ હતા.

## રોટરી કલબ ઓફ ગાંધીનગર વરસોડામાં નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજશે

ગાંધીનગર, તા.૧૪

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા ૧૮મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ આરોગ્ય મંદિર, વૃંદાવન ધામ, બદપુરા-વરસોડા રોડ, વરસોડા, ગાંધીનગર ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ બપોરે ૨ થી ૪ કલાક દરમિયાન યોજાશે.

નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પમાં ગાંધીનગરના નિષ્ણાંત ડોકટર્સ આંખ, દાંત, હાડકા, ચામડીના રોગો, સ્ત્રી રોગ, બાળરોગ અંગે દર્દીની તપાસ કરી યોગ્ય નિદાન કરશે. ગામના તથા આસપાસના વિસ્તારના જે લોકો આ નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પમાં જોડાવા માંગતા હોય તેઓએ પોતાના નામની નોંધણી ફોન નં. ૨૩૨૮૮૮૩૩ અથવા મો.નં. ૯૫૭૪૪૮૯૧૮૯ ઉપર સંપર્ક કરવા માટે રોટરી પ્રમુખ સમીર ત્રિવેદીએ જણાવ્યું છે.

## આજે સરદાર પટેલ પુણ્યતિથિ નિમિત્તે વંદનાંજલિ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતના લોખંડી પુરુષ એવા સરદાર વલ્લભભાઈ પટેલની ૬૨મી પુણ્યતિથિ નિમિત્તે સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટીના ઉપક્રમે આજે તા. ૧૫મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક, શાહીબાગ અમદાવાદ ખાતે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન પ્રાર્થના સભા, વંદનાંજલિ તથા સરદાર ફિલ્મ શો નો કાર્યક્રમ યોજાશે. સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સ્વામી અધ્યાત્મનંદજી હાજરી આપશે.

## સ્ટ્રીટલાઈટના ખુલ્લા થાંભલાઓને પ્લાસ્ટીકના પ્લાસ્ટીકના ઢાંકણ લગાવાશે

### ઢાંકણ ચોરી થતા ભયજનક સ્થિતિ નિવારવા ત્રણ હજાર ખુલ્લા થાંભલાઓને આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૧૪

શહેરમાં ખુલ્લા સ્ટ્રીટલાઈટના થાંભલા ભયજનક હાલતમાં છે. ઘણા-ખરા સ્ટ્રીટલાઈટના થાંભલાના ખુલ્લા ઢાંકણને લીધે જોખમી વાયરો ગમે ત્યારે અકસ્માતનું કારણ બને તેવી સ્થિતિ છે. સ્ટ્રીટલાઈટના પોલના ઢાંકણ ચોરાઈ જતા તંત્ર દ્વારા હવે પી.વી.સી.ના ઢાંકણ લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ મામલે યોગ્ય સર્વે હાથ ધરીને બાકીની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

શહેરના મુખ્ય માર્ગો અને સેકટરોના આંતરિક માર્ગો પર અજવાળું પાથરતા સ્ટ્રીટલાઈટના પોલર્સની સંખ્યા વધુ છે. શહેરમાં અંદાજીત ૧૭,૦૦૦ જેટલા સ્ટ્રીટલાઈટના થાંભલા અસ્તિત્વ ધરાવે છે. પરંતુ શહેરના માર્ગો પર અજવાળુ પાથરતા સ્ટ્રીટલાઈટના થાંભલાના ઢાંકણો છેલ્લા કેટલાક સમયથી સલામત રહ્યા નથી. માર્ગ ઉપર સ્થિત થાંભલાના ઢાકણો ચોરવાની વૃત્તિ વધતા ઘણા ઠેકાણે ખુલ્લા થાંભલાઓ ભયજનક સ્થિતિમાં હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. ઢાંકણ વગરના થાંભલામાં વીજળીના વાયરો પણ લટકતી અને જોખમી હાલતમાં હોવાથી ગમે ત્યારે અકસ્માત થવાની સંભાવના છે. જો કે આ સ્થિતિને પહોંચી વળવા તંત્ર કક્ષાએથી ઈલેટ્રીક પોલને પ્લાસ્ટીકના ઢાંકણ લગાવાનો નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. સ્ટ્રીટલાઈટની જાળવણી કરવા ટોરેન્ટ પાવરના શિરે હોવાથી ચાલુ વર્ષ દરમ્યાન શહેરના ત્રણ હજાર જેટલા ખુલ્લા થાંભલાઓને પ્લાસ્ટીકના ઢાંકણનું કવર લગાવ્યા છે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર શહેરમાં ખુલ્લા સ્ટ્રીટલાઈટના થાંભલાઓને ભયજનક સ્થિતિમાંથી ઉગારવા તંત્ર દ્વારા આગામી દિવસમાં સર્વે હાથ ધરવામાં આવશે. જ્યારે અભ્યાસના અંતે બાકી રહેતા થાંભલાઓને પણ જરૂરી ઢાંકણ લગાવી સલામત બનાવાશે.

## ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓનાં ફેડરેશન દ્વારા મતદારોનો ચૂંટણી ઢંઢેરો

(૧) ભ્રષ્ટાચારને પ્રોત્સાહન અને આશય મળે તેવા પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે કોઈ કાર્ય કે કાર્યલોપ કરીશ નહીં અને ધ્યાનમાં આવતાં કોઈને પણ કરવા દઈશ નહીં એટલું જ નહીં પણ તમામ પ્રકારની ભ્રષ્ટાચાર નિર્મૂલન માટે સતત સઘન પ્રમાણિક પ્રયાસો કરીશ.

(૨) સરકારમાં ચૂંટાયેલાં પ્રતિનિધિ માટે સમયને અનુરૂપ વર્તણૂંકના નિયમો (કોડ ઑફ કન્ડક્ટ) સત્વરે જાહેર થાય અને તેની ચૂસ્ત અમલવારી થાય તે માટેનાં નિષ્ઠાપૂર્વકના સઘન જાગૃત પ્રયાસો કરીશ.

(૩) આમ જનતાના સુખો અને સુવિધાઓ ઉત્તમ જાહેર વહીવટ ઉપર આધારિત છે. તે હકીકતનો આદર કરીને ટોચથી તળીયા (ટોપ ટુ બોટમ) સુધીનાં જાહેર વહીવટને પ્રજાભિમુખ અને ઉત્તમ બનાવવાના નિષ્ઠાપૂર્વકના સતત સઘન પ્રયાસો કરીશ અને કરાવીશ.

(૪) આમ જનતા માલિક અને ચૂંટાયેલા પ્રતિનિધિ પ્રજાના સેવક છે તે મૂળભૂત પાયાના સિધ્ધાંતનો પ્રમાણિકપણે સ્વીકાર કરૂં છું.

(૫) આમ જનતા અને સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓના સુખ-દુઃખ સાંભળવા અને નિવારવા માટે પહેલવૃત્તિથી કાર્યયોજના બનાવી, જાહેર કરી, તેનો ચૂસ્ત અમલ કરીશ અને એ રીતે સતત સંપર્કમાં રહીશ.

(૬) નાતજાત ઉપર આધારીત, સમાજના ભાગલા પાડી નફરત અને વૈમનસ્ય વધારે તેવી પ્રત્યક્ષ રીતે કે પરોક્ષરીતે કોઇ પ્રવૃત્તિ કરીશ નહીં અને તેવી પ્રવૃત્તિમાં ભાગ લઇશ નહીં.

(૭) ગંદા રાજકીય માહોલને કારણે પ્રજાના રક્ષક પોલીસ થતા અન્ય સરકારી તંત્ર હસ્તક્ષેપવિહીન બને, સ્વતંત્ર સ્વાયત્ત બને અને સાચા અર્થમાં પ્રજાભિમુખ બને તેવા તમામ પ્રકારના પ્રમાણિક પ્રયાસો કરીશ.

(૮) હાર કે જીતને લક્ષમાં લીધા સિવાય ચૂંટણી પછી હું તમામ મતદારોને સમાન દૃષ્ટિથી જોઈ ફરજ નિભાવીશ અને પ્રશ્નો માટે સજાગ રહીશ તેમજ તેના ઉકેલ માટે પ્રમાણિક પ્રયાસો કરતો રહીશ.

(૯) ચૂંટાયા બાદ કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર સમગ્ર પ્રજામાં સુખ-શાંતિ-સમૃધ્ધિ-સલામતીનું અવતરણ થાય અને તેમાં વૃધ્ધિ થયા કરે તેવા તમામ પ્રયાસો કરીશ.

(૧૦) ગાંધીનગર શહેર સહિત સમગ્ર મતવિસ્તારના નાગરિકોના પ્રશ્નોની રજૂઆત માટે ગાંધીનગર ખાતેનાં મારા કાર્યાલયમાં નિયમ સમયે હું રૂબરૂ મળી રહીશ તેમજ અન્ય સમસ્યાઓ - સ્થાનિક સુવિધાઓ જેવી કે કાયદો વ્યવસ્થા, પાણી, વીજળી, સફાઇ, માર્ગ વાહનવ્યવહાર, રેલ્વે, મેટ્રો, વગેરે જેવી સમસ્યાઓના સમયસર ઉકેલ માટે પણ કાર્યરત રહીશ. ગાંધીનગર શહેરનો વિકાસ રાજયનાં પાટનગર તરીકે ઉત્તમ અને આદર્શ રહે તે માટે પ્રયત્નશીલ રહીશ.

● ગાંધીનગર વસાહત મહામંડળ ● ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ ● ગાંધીનગર વિકાસ પરિષદ ● જ્યોતિ મહિલા મંડળ ● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ● સિનિયર સિટીઝન કાઉન્સિલ ● રાજધાની વસાહત સેવા મંડળ

## રાજય કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધા ૨૨ અને ૨૩મીએ સુરત ખાતે યોજાશે

### ખેલાડીઓને ૧૮મી સુધી ફોર્મ ભરી જવા અનુરોધ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લા માસ્ટર એથ્લેટીકસ એસોસિએશન દ્વારા જણાવાયું છે કે, ગુજરાત રાજય માસ્ટર અથ્લેટીક ચેમ્પીયનશીપ ૨૦૧૨-૧૩ ક્રિભકો સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, સુરત ખાતે તા. ૨૨મી ડિસેમ્બર ૨૦૧૨ થી ૨૩મી ડિસેમ્બર ૨૦૧૨ દરમિયાન યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ પોતાના ફોર્મ ૧૮મી સુધી ભરીને મોકલી દેવા.

રાજયકક્ષાની એથ્લેટીકસ સ્પર્ધામાં દોડ, કૂદ, ફેંકની દરેક ઈવેન્ટની ગૃપ વાઈઝ હરીફાઈ કરવામાં આવશે. ભાગ લેનાર ખેલાડી ભાઈઓ, બહેનો ૩ વર્ષથી ઉપરના દરેક પાંચ વર્ષના ગૃપ અને ભાઈઓ માટે ૩૫ વર્ષથી ઉપરનાં દરેક પાંચ વર્ષનાં ગૃપ રહેશે. આ અંગેની વિશેષ જાણકારી એસ.બી. કટારા મો.નં. ૯૭૨૭૦૦૩૦૬૨ તથા એમ.બી. મહેતા મો.નં. ૯૮૨૪૮૩૮૩૪૭ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

આગામી ૩૨મી ગુજરાત રાજય માસ્ટર એથ્લેટીક ચેમ્પીયનશીપમાં જોડાવા માંગતા સ્પર્ધકોએ ૧૮મી ડિસેમ્બર સુધીમાં પોતાનું નામ, સરનામુ, જન્મતારીખ, મોબાઈલ નંબર અને કઈ ઈવેન્ટન્સમાં ભાગ લેવા ઈચ્છે છે તે અંગેની વિગતો સાથેનું એન્ટ્રી ફોર્મ દિનેશસિંહ ચાવડા, ૧૦૧, શાલીન કોમ્પ્લેક્ષ, સેકટર-૧૧, ગાંધીનગર, દશરથસિંહ ચૌહાણ, ૫૩૨/૧, મહાવીર સોસાયટી, સેકટર-૨૧ ગાંધીનગર ખાતેથી મેળવી તેને ભરીને પરત કરવાનું રહેશે.

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સંચાલિત સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખે સન્માન સમારોહ કાર્યક્રમનું આયોજન કર્યું છે. જે અંતર્ગત માસ્ટર ડીગ્રી, સ્પર્ધાત્મક પરીક્ષા અને ૫૦ વર્ષ લગ્નના પુરા કર્યા હોય તેવા સજ્જનોને સન્માનીત કરવામાં આવશે તો તેઓએ ૨૫મી ડિસેમ્બર સુધીમાં પોતાના નામની નોંધણી કરાવી લેવી.

બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા જે દંપતિને લગ્નના ૫૦ વર્ષ ૨૦૧૨માં થયા હોય તેમજ જે વિદ્યાર્થીઓએ ૨૦૧૨માં માસ્ટર ડીગ્રી પાસ કરી હોય કે પછી જી.પી.એસ.સી. કે સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી હોય અથવા કોઈપણ ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા ભાઈ-બહેનોએ તા. ૨૫મી સુધીમાં પોતાના નામ અંજના આર. ગોરને પ્લોટ નં. ૧૨૫/૨, સેક્ટર-૬-બી, ગાંધીનગર ફોન નં. ૨૩૨-૪૮૪૩૩ અથવા આશાબેન ભટ્ટ બ્લોક નં. ૯, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર ફોન નં. ૨૩૨-૨૫૬૫૬ અથવા કરિશ્માબેન જોશીને બ્લોક નં. ૪૦૬, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર ફોન નં. ૨૩૨-૨૦૦૮૦ ઉપર સંપર્ક કરી નોંધાવવાના રહેશે.

## ગાંધીનગર જિલ્લા પેન્શનર્સ સમાજે પેન્શનર્સ સભ્યોને મતદાન કરવા કરેલી અપીલ

ગાંધીનગર જિલ્લા પેન્શનર્સ સમાજના પ્રમુખ કે.બી.વ્યાસે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ૧૭મી ડિસેમ્બરે પેન્શનર્સ ડે છે અને આ વર્ષે ગુજરાત વિધાનસભા ૨૦૧૨ની બીજા તબક્કાની ચૂંટણી પણ ૧૭મી છે ત્યારે પેન્શનર્સ સભ્યો પોતાના મતાધિકારને સમજી ફરજીયાત ૧૦૦ ટકા વોટીંગ કરે તે આપણા સૌના હિતમાં છે.

દર વર્ષે ૧૭મી ડિસેમ્બર પેન્શનર્સ ડે તરીકે ઉજવાય છે. પેન્શન મેળવવાના મળેલા હકના અધિકારની યાદમાં આ દિવસને ઉત્સાહ દિન તરીકે ગુજરાતભરમાં મનાવીએ છીએ. યોગાનુયોગ આ વર્ષે આજ દિવસે ગુજરાત વિધાનસભા ૨૦૧૨ની બીજા તબક્કાની ચૂંટણી માટે આપણને મતાધિકાર મળતો દિન પણ બન્યો છે. પેન્શનર્સ મિત્રો દર વરસે એક વખત ફરજિયાત હયાતી પ્રમાણપત્ર આપવાની ફરજ સમજી સૌ ટકા પ્રમાણપત્ર આપે છે તેમ મતદાનની પણ ફરજ સમજી સો ટકા ફરજ બજાવીએ... આ દિવસે જિલ્લા શહેરના પેન્શન મેળવતા દરેક પેન્શનર ભાઈ-બહેનો પોતાની સાથે પોતાના કુટુંબના બધા જ મતદારો સહિત અચૂક મતાધિકારનો ઉપયોગ કરી રાષ્ટ્રીય ફરજ પણ જગાવે તેવી અપીલ કરી છે.

## શાળાઓના વિલીનીકરણ બાદ સંકુલો યુનિવર્સિટીને સોંપાયા

### સે. ૨૦માં શાળાનું મકાન ચિલ્ડ્રન યુનિ. તેમજ સે. ૨૯ શાળાનું સંકુલ સેન્ટ્રલ યુનિ.ને સોંપાયું

ગાંધીનગર, તા. ૧૪

શહેરની ચાર માધ્યમિક શાળાઓના વિલીનીકરણ બાદ શાળાના મકાનો તેમજ સંકુલોને વિવિધ યુનિવર્સિટીને સોંપી દેવાયા છે. આ ચાર શાળા પૈકી સેકટર-૨૦ માધ્યમિક શાળાના મકાનને ચિલ્ડ્રન યુનિવર્સિટી તેમજ સેક્ટર-૨૯ શાળાને સેન્ટ્રલ યુનિ.ને સોંપી દેવાયા છે. જયારે સેક્ટર-૧૫ સ્થિત માધ્યમિક શાળાના મકાનને આઈ.ટી.આઈ.ને સુપ્રત કરી દેવાયું છે.

વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાનું કારણ આગળ ધરીને થોડા સમય અગાઉ શહેરની ચાર માધ્યમિક શાળાઓનું વિલિનીકરણ કરી દેવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેરની ચાર સરકારી માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા નહીં હોવાના બહાના હેઠળ આ શાળાઓને અન્ય માધ્યમિક શાળાઓમાં મર્જ કરી દેવામાં આવી હતી. જેમાં સેકટર-૨૪ની વીર ભગતસિંહ વિદ્યાલય, સે. ૧૫ની સ્વામી રામકૃષ્ણ પરમહંસ વિદ્યાલય, સે. ૨૯ની ઝાંસીની રાણી વિદ્યાલય, સે. ૨૦ની સુભાષચંદ્ર બોઝ વિદ્યાલયનો સમાવેશ થાય છે.

સે. ૨૪ અને સે. ૨૯ની શાળાનું સે. ૨૭ની માધ્યમિક શાળા સાથે ભેળવી દેવામાં આવી હતી. સે. ૧૫ની શાળાને સે. ૧૨ની સાથે તથા સે. ૨૦ની સે. ૨૨ની શાળા સાથે વિલીનીકરણ કરવામાં આવી હતી. શાળાના વિલીનીકરણનો નિર્ણયનો અમલ થઈ ગયો છે અને ત્યાં પ્રથમ સત્ર પૂર્ણ થયા બાદ દ્વિતિય શૈક્ષણિક સત્ર પણ શરૂ થઈ ગયું છે. ત્યારે બીજી બાજુ શિક્ષણ વિભાગ દ્વારા આ શાળાના મકાનો અને સંકુલોને અન્ય શૈક્ષણિક વિભાગને સોંપી દિધા છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, સેક્ટર-૨૪ની માધ્યમિક શાળાના મકાનમાં તો સેક્ટર-૨૪ની પ્રાથમિક શાળા જ ભેળવી દઈને શરૂ કરવામાં આવી છે. તો સેક્ટર-૨૦ની માધ્યમિક શાળાના મકાન અને સંકુલને ચિલ્ડ્રન યુનિવર્સિટીને સોંપી દેવામાં આવી છે. આ ઉપરાંત સેક્ટર-૨૯ના મકાનને સેન્ટ્રલ યુનિવર્સિટીને આપી દેવાઈ છે. તો સેક્ટર-૧૫ના મકાનને આઈઆઈટીને આપવામાં આવી છે.

## ચિલોડા પંથકમાં શટર તોડ ગેંગ પુનઃ સક્રીય થતા ફફડાટ

### દુકાનના શટરને જેકથી તોડી નાંખવાની એમ.ઓ. ધરાવતી આ ગેંગે બિયારણની દુકાનને નિશાન બનાવી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીકના ચિલોડા પંથકમાં 'શટર તોડ ગેંગ' રીતસરનો તરખાટ મચાવી રહી છે. થોડા દિવસ માટે ગાયબ થઈ ગયેલી આ ગેંગ પુનઃ સક્રીય થઈ ગઈ છે અને ગત રાત્રિએ ચિલોડા નજીકની દવાઓ અને બિયારણનું વેચાણ કરતી દુકાનના શટરને જેકથી તોડી નાંખીને તેમાંથી રોકડ રકમની ઉઠાંતરી કરી ઘરફોડ કર્યા બાદ ગેંગ ફરાર થઈ ગઈ હતી. દુકાન માલિકે આ સંબંધે ચિલોડા પોલીસ મથકે અરજી આપી છે. જો કે હજુ સુધી ફરિયાદ નોંધાવા પામી નથી ઉલ્લેખનીય છે કે આ 'શટર તોડ ગેંગ' ચિલોડા પંથકમાં અગાઉ આઠથી દશ દુકાનોને નિશાન બનાવી ચુકી છે.

મળતી માહિતી મુજબ ચિલોડા સર્કલ નજીક આવેલી શિવમ એગ્રો સેન્ટર નામની દવાઓ તથા બિયારણ વેચતી દુકાનના માલિક ભરતભાઈ પોપટભાઈ સોજીત્રા ગઈ કાલે મોડી સાંજે દુકાનને તાળું મારીને ઘરે ગયા હતાં. વહેલી સવારે દુકાનમાં કામ કરતો વ્યકિત દુકાન ખોલવા ગયો તો શટર તુટેલું જોતા ચોંકી ગયો હતો તેણે તાત્કાલિક દુકાન માલિકને જાણ કરીને બોલાવી લીધા હતાં. રાત્રિના સમયગાળા દરમિયાન 'શટર તોડ ગેંગે' જેક લગાવીને શટર તોડી નાંખી અંદર પ્રવેશીને ડ્રોઅરમાંથી રૂ. ૪૫૮૦ રોકડા ઉપાડી ચાલ્યા ગયા હતા. સદભાગ્યે કોઈ અન્ય કિંમતી ચીજવસ્તુ કે મોટી માલમત્તા ટોળકીના હાથે આવી ન હતી. ભરતભાઈ સોજીત્રાએ આ ઘરફોડ અંગે ચિલોડા પોલીસને જાણ કરી છે. જો કે હજુ સુધી આ બનાવ અંગે ગુનો દાખલ થવા પામ્યો નથી. ઉલ્લેખનીય છે કે ચિલોડા પંથકમાં છેલ્લા બે મહિનાથી આ ગેંગ શાંત પડી હતી અને પહેલા આઠ થી દસ દુકાનોને આ જ મોડસ ઓપરેન્ડીથી ઘરફોડ કરી ચુકી છે. આ ગેંગ પુનઃ સક્રિય બનતા વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪
સૂર્યાસ્ત : ૫.૫૪

## તાપમાન

મહત્તમ : ૩૦.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૪૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૦૦
ખેલાડી ૭૮૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧.૦૦
તલાશ : ૪.૧૫
લાઈફ ઑફ પાય (હિન્દી) : ૭.૦૦
ખેલાડી ૭૮૬ : ૯.૩૦
: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
સિગારેટકી તરાહ : ૧૨.૪૫
સન ઑફ સરદાર : ૩.૧૫
રૅડ ડ્રૉવન (હિન્દી) : ૬.૦૦, ૧૦.૦૦
રૅડ ડ્રૉવન (અંગ્રેજી) : ૮.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રૅડ ડ્રૉવન (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૦૦, ૫.૦૦
લાઈફ ઑફ પાય (હિન્દી) ૩-ડી : ૨.૩૦, ૭.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ખેલાડી ૭૮૬ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ખેલાડી ૭૮૬ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

### સૂર્યા, વાવોલ

ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જાનબાઝ ખેલાડી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૧૫, ૩.૧૫
તલાશ : ૬.૪૫, ૯.૪૫

### ચિરાગ, કલોલ

ખેલાડી ૭૮૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સામાજિક

- સેકટર-૭ ખાતે આવેલ સરકારી આયુર્વેદ દવાખાનમાં મધુમેહ (ડાયાબિટીસ) નિદાન કૅમ્પ સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે.

### ધાર્મિક

- ગુરૂમહારાજશ્રી દ્વારકાદાસજી બાપુની પુણ્યતિથિ નિમિત્તે કોલવડા ગામના સોનીપુરા રૂપાલ રોડ પાસેના ચરામાં આવેલા શ્રી ગોરા હનુમાનજી મંદિર ખાતે રાત્રે ૮.૦૦ કલાકે સુંદરકાંડ પાઠ તથા ભજનનો કાર્યક્રમ.

## આપની આજ

**મેષ** : કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

**વૃષભ** : મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે. નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

**કર્ક** : જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધારો થશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ.

## ચિરવિદાય

- સ્વ. ઉત્તમચંદ કચરાલાલ શાહ (ઉ.વ. ૮૧) પ્લોટ નં. ૧૩૨૨-એ/૨, સેકટર-૭/ડી, ગાંધીનગર.